હાલોલમાં પીએમ રિપોર્ટથી ખુલાસો મહિલાની હત્યામાં પતિ જ નીકળ્યો

હાલોલમાં પરિણીતાની હત્યાનો ચોંકાવનારો ખુલાસો

(પ્રતિનિધિ) હાલોલ, તા.12

હાલોલ તાલુકામાં એક પરિણીતાનું અગમ્ય કારણોસર થયેલું મોત આખરે હત્યા હોવાનું બહાર આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર ફેલાઈ છે. શરૂઆતમાં અકસ્માત મોત તરીકે નોંધાયેલા આ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ પોલીસે તપાસનો દોર આગળ વધારતા હત્યાનો ભેદ ખુલ્યો હતો. આ કેસમાં પરિણીતાનો પતિ જ હત્યારો હોવાનું સામે આવતા હાલોલ શહેર પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીની કબૂલાત બાદ હાલોલ શહેર પોલીસે હર્ષદભાઈ પરમારની ધરપકડ કરી તેના વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જણાવ્યું છે કે હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ ચાલુ છે. પરિણીતાની કરુણ મોત અને બે નાનાં સંતાનોના ભવિષ્યને લઈને સમગ્ર વિસ્તારમાં શોક અને ચર્ચાનો માહોલ સર્જાયો છે.

પીએમ રિપોર્ટથી બદલાઈ તપાસની દિશા

મળતી વિગત મુજબ, મૂળ હાલોલ તાલુકાના કંજરી ગામના અને હાલ ચંદ્રપુરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરતા હર્ષદભાઈ અજીતભાઈ પરમારની પત્ની શિલ્પાનું 7 જાન્યુઆરીના રોજ અચાનક મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં હાલોલ શહેર પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો. પીએમ રિપોર્ટમાં શિલ્પાનું મોત ગળું દબાવી ટૂંપો આપવાથી થયું હોવાનું સ્પષ્ટ થયું હતું.

ઘરેલુ ઝઘડાએ બે સંતાનની માતાનો જીવ લીધો

પોલીસ તપાસમાં ખુલ્યું કે હર્ષદભાઈ પરમારે સન 2016માં કંજરી ગામની શિલ્પા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ દંપતિ ચંદ્રપુરા જીઆઈડીસીમાં કંપની દ્વારા આપવામાં આવેલા રૂમમાં પરિવાર સાથે રહેતું હતું. લગ્નજીવન દરમિયાન તેમને બે સંતાન પણ હતા.કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે ઘરેલું બાબતોને લઈને અવારનવાર ઝઘડા થતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

ગરબાડામાંપોલીસનીરેડ:4ઈસમો ચાઈનીઝ દોરી સાથે ઝડપાયા

જીવલેણ દોરીના કારણે દર વર્ષે માનવજીવન અને પક્ષીઓને નુકસાન

પ્રતિનિધિ) ગરબાડા, તા.12

ગરબાડા પોલીસે ઉત્તરાયણ પર્વ પહેલા ચાઈનીઝ દોરીના ગેરકાયદેસર વેપાર સામે કડક કાર્યવાહી કરી છે. બજાર વિસ્તારમાં દરોડા પાડીને ચાર ઈસમોને ચાઈનીઝ દોરીના 13 ફિરકા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ દોરીની કિંમત આશરે 5,000 રૂપિયા આંકવામાં આવી છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગરબાડા પોલીસ મથકના પીઆઈ એસ.એમ. રાદડિયા અને તેમના સ્ટાફે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ પેટ્રોલિંગ દરમિયાન ગરબાડા બજારની જુદી જુદી જગ્યાઓ પરથી આ ચાર આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં કુશાગ્ર પરેશભાઈ ભાટીયા, આદિલનુર મોહમ્મદ લખારા, હેમંતગીરી કિશોરગીરી ગોસ્વામી અને દિલીપભાઈ મોહનલાલ ગેલોદનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ ગરબાડા, તા. ગરબાડા, જી. દાહોદના રહેવાસી છે.

ગરબાડા પોલીસે ચાઈનીઝ દોરીના વેપાર સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. આ જીવલેણ દોરીના કારણે દર વર્ષે માનવજીવન અને પક્ષીઓને નુકસાન થાય છે. પોલીસે ચેતવણી આપી છે કે આવા ગેરકાયદેસર ધંધામાં સંડોવાયેલા કોઈને પણ છોડવામાં આવશે નહીં અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ રહેશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

કાલોલ ખાતે VYO કાલોલ શાખા દ્વારા 50 જેટલા બ્લેન્કેટનું વિતરણ

કાલોલ, વ્રજધામ આધ્યાત્મિક સેવા સંકુલ વડોદરા તથા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)ના સહયોગ થી ૫. પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમાર મહોદયના આશીર્વાદ અને પ્રેરણા થકી તાજેતરમાં વી. વાય. ઓ. (VYO) કાલોલ શાખા દ્વારા ૫૦ જેટલા બ્લેન્કેટ કાલોલ બસ સ્ટેશન અને સ્ટેશન રોડ, શોપિંગ કોમ્પલેક્ષ પાસે રાત્રે ખુલ્લામાં સુઈ રહેલા જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરવામાં આવ્યા. વી. વાય. ઓ. ના કાર્યકર્તા-પરેશભાઈ મહેતા, અતુલભાઈ શાહ,ઉપસ્થિત રહી સમયદાન આપ્યું હતું. વી. વાય ઓ. ના પ્રભારી શ્રી સતીશભાઈ શાહ અને વી. વાય. ઓ. ના પ્રમુખ પ્રકાશભાઈ ગાંધી અને મીડિયા સેલના વિરેન્દ્ર મહેતા ની વર્ચુઅલ ઉપસ્થિતિ રહી હતી.

ઉતરાયણ પર્વ નિમિતે કાલોલ શહેરના પતંગ દોરાની મંદી જોવા મળી

કાલોલ, કાલોલ નગરમાં આવેલ પતંગ બજારમાં ઘરાકી ન હોવાને કારણે બજારમાં કાગડા ઉડતા જોવા મળ્યા ઉતરાયણ પર્વને ફક્ત એક જ દિવસ બાકી હોય પતંગ બજારના દુકાનદારોમાં ચિંતા નો માહોલ જોવા મળ્યો હતો પતંગ બજારના દુકાનદારોએ મોટા પ્રમાણમાં પતંગનો સ્ટોક, દોરા, ચશ્મા,ટોપી, પીપૂડા. અને ફુગ્ગા ની ખરીદી દુકાનદારોએ મોટા પ્રમાણમાં કરી હોય ગ્રાહકો ન આવવાને કારણે દુકાનદારોના મોઢા પર ચિંતા ના વાદળો જોવા મળ્યા હતા ફક્ત મંગળવાર ઉપર જ આ ખરીદી શક્ય છે ગ્રાહકો એક દિવસમાં કેટલું ખરીદશે અને વ્યાપક પ્રમાણમાં ભીડ જામે તો દુકાનદારોમાં કેટલું વેચાણ થશે એની ચિંતા જોવા મળી હતી પણ પતંગ અને માંજા માં છેલ્લા કલાકોમાં ગ્રાહકો ખરીદી કરે છે હવામાન ખાતાની ઉતરાયણ પર્વના દિવસે સારી હવાની આગાહી હોય ગ્રાહકો છેલ્લા દિવસે જ ખરીદી કરવા નીકળશે તેવું લાગી રહ્યું છે.

હાલોલ સ્વામિનારાયણ નિષ્ઠા વિદ્યામંદિર ખાતે દિવ્ય શાકોત્સવની ઉજવણી

હાલોલ, હાલોલ ગોધરા બાયપાસ રોડ પર આવેલ શ્રી સ્વામિનારાયણ નિષ્ઠા વિદ્યામંદિર ખાતે દિવ્ય શાકોત્સવનું ભવ્ય આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શાકોત્સવની ઊજવણીમાં વડતાલ ધામના પરમ,પૂજ્ય સદ્.શાસ્ત્રી શ્રી નૌતમપ્રકાશ સ્વામીજી,શ્રી સ્વામિનારાયણ નિષ્ઠા વિદ્યામંદિરના સાધુ કેશવસ્વરૂપ દાસ, સાધુ સંતપ્રસાદ દાસ સહિત પંચમહાલનાં સૌ સંતોએ ઉપસ્થિત રહ્યા હતા.શાકોત્સવની ઉજવણી નું ભગવાન સ્વામી નારાયને લોયાધામ માં દિવ્ય શાકોત્સવનાં ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ૧૮ મન થી ૮૦ મન રીંગણનો વઘાર કરી ને શાક બનાવીને કરી હતી ભક્તોને હેત પુર્વક શાક પીરસીને જમાડ્યા હતા જેની સમુતી સ્વરૂપે શ્રી સ્વામિનારાયણ નિષ્ઠા વિદ્યામંદિર ખાતે દિવ્ય શાકોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંદિર ખાતે મહાઆરતી, ધૂન ભજન, આશીર્વચન ત્યારબાદ હાલોલ સહિત બહાર ગામથી આવેલ તમામ હરી ભક્તોએ ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો.

દિલ્હી-મુંબઈ કોરિડોરના ભારે વાહનોથી દાહોદના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ગ્રામ્ય રસ્તા બિસ્માર

4 વર્ષથી ગ્રામજનો હાલાકીમાં, ઇમરજન્સી સેવાઓ પર ગંભીર અસર

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.12

દિલ્હી-મુંબઈ કોરિડોર (એક્સપ્રેસવે)ના નિર્માણ કાર્યમાં વપરાતા ભારે વાહનોના સતત અવરજવરના કારણે દાહોદ જિલ્લાના અનેક ગ્રામ્ય રસ્તાઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. ખાસ કરીને મીરાખેડી, વસ્તી-ડગેરીયા, ડુંગરા અને આંબા ગામને જોડતો મુખ્ય માર્ગ સંપૂર્ણપણે તૂટી ગયો છે. હાલ પરિસ્થિતિ એવી છે કે રસ્તા પર ડામરનો એક કણ પણ જોવા મળતો નથી, જેના કારણે છેલ્લા ચારથી પાંચ વર્ષથી ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

સ્થાનિકો જણાવે છે કે આ માર્ગ અગાઉ સારી હાલતમાં હતો, પરંતુ કોરિડોરના માટીકામ અને નિર્માણ માટે ઉપયોગમાં લેવાતા ભારે ડમ્પર અને માલવાહક વાહનોના કારણે રસ્તાની પથારી જ ઉખડી ગઈ છે. જ્યારે ઉડતી ધૂળથી શ્વાસ સંબંધિત રોગોનો ભય ઊભો થયો છે.

રસ્તાની ખરાબ હાલતનો સૌથી મોટો ફટકો વિદ્યાર્થીઓ અને દર્દીઓને પડી રહ્યો છે. મીરાખેડી મોડલ સ્કૂલમાં આસપાસના ગામડાઓમાંથી આવતાં વિદ્યાર્થીઓને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ખાડાઓ અને તૂટેલી સપાટીના કારણે સ્કૂલ વાહન સમયસર પહોંચી શકતી નથી, સાયકલ સવાર વિદ્યાર્થીઓ માટે અકસ્માતનો ભય સતત મંડરાય છે અને નાના બાળકો માટે પગપાળા ચાલવું પણ જોખમી બની ગયું છે.

ઉગ્ર આંદોલનની ચીમકી

સ્થાનિક નાગરિકોએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, "અમે વર્ષોથી તંત્રના દરવાજા ખખડાવી રહ્યા છીએ, પરંતુ કોઈ સાંભળવા તૈયાર નથી. ગ્રામજનોની એક જ માંગ છે કે તાત્કાલિક ધોરણે રસ્તાની મરામત કરવામાં આવે અથવા નવો ડામર રોડ મંજૂર કરી વહેલી તકે નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવે.

પંચમહાલમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા 21 CSC આઈડી બ્લોક કરાયા

પારદર્શિતા લાવવા કડક કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.12

પંચમહાલ જિલ્લામાં ડિજિટલ સેવાઓ આપતા કોમન સર્વિસ સેન્ટરોમાં કાર્યપદ્ધતિ વધુ પારદર્શક બને અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા ડિસ્ટ્રિક્ટ મેનેજર વનરાજસિંહ ચાવડાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં સરકારી અને અર્ધ-સરકારી સેવાઓ આપતા સેન્ટરો પર નિયમોનું પાલન થાય તે અનિવાર્ય છે. તાજેતરમાં કરવામાં આવેલી તપાસ અને મળેલી ફરિયાદોના આધારે પંચમહાલ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાર્યરત એવા 21 સી.એસ.સી સેન્ટરોના લોગિન આઈડી તાત્કાલિક અસરથી બ્લોક કરી દેવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર ખાસ કરીને સી.એસ.સી દ્વારા નક્કી કરવામાં કોમન બ્રાન્ડિંગ અને ભાવ પત્રક એટલે કે રેટ લિસ્ટ પ્રદર્શિત કરવામાં આવ્યા ન હતા અને કેટલાક સંચાલકો પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પી. સી.સી) વિના જ કામગીરી કરી રહ્યા હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ મેનેજર વનરાજસિંહ ચાવડાએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ સેવાઓનો લાભ સાચા દરે મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. હવેથી દરેક વીલેજ લેવલ એન્ટરપ્રેન્યોર એટલે કે વી.એલ.ઇ સંચાલકે પોતાના કેન્દ્ર પર ફરજિયાતપણે ઓથોરાઈઝડ બોર્ડ લગાવવું પડશે.

હાલોલમાં મારુતિ યાગ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) હાલોલ, તા.12

હાલોલ નગરના કંજરી રોડ ઉપર આવેલી અર્પણ સોસાયટી ના યુવક મંડળ દ્વારા સંગીતમય મારુતિ યજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, શાસ્ત્રોક્ત વિધિ અનુસાર લોકકલ્યાણાર્થે કરવામાં આવેલ આ યજ્ઞ માં 29 જોડાઓ યજમાન બન્યા હતા. જેમાં આચાર્ય હર્ષિત ભાઈ ભટ્ટ અને બીજા ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ વહેલી સવારથી રંગબેરંગી રંગોળી તેમજ પુષ્પોથી સુંદર રંગોળી પુરી પ્રથમ વિઘ્નહર્તા દેવ ગણપતિ દાદા નું શાસ્ત્રોક વિધિ મુજબ પૂજા અર્ચના કર્યા બાદ ભગવાન હનુમાનજી નું આહવાન કરાયું હતું. અને વહેલી સવારે વાજતે ગાજતે ઢોલ નગારા સાથે ભગવાન હનુમાનજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક ભાવિ ભક્તો કે પણ જોડાયા હતા ત્યારબાદ શોભાયાત્રા પૂર્ણ થતા પૂજા અર્ચના કર્યા પછી હોમાત્મક મારુતિ યજ્ઞમાં સાંજના 5:30 કલાક સુધી 29 જોડાઓ એ યજ્ઞનો લાભ લીધો આમ સતત આખા દિવસ દરમિયાન મારુતિ યજ્ઞ ચાલુ રહ્યો હતો.

દાહોદ શહેરની ત્રણ કોલેજ દ્વારા સંયુક્ત રમતોત્સવ યોજાયો

દાહોદ, શશિકલા રંગમંચ સંયુક્ત રમતોત્સવ શેઠ શ્રી ગિરધરલાલ મહિલા અધ્યાપન મંદિર પીટીસી કોલેજ દાહોદ, જે એન્ડ આર કોલેજ ઓફ એજ્યુકેશન બી.એડ કોલેજ દાહોદ અને શ્રી ઈન્દુભાઈ શેઠ લો કોલેજ ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મેહમાન તરીકે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મંત્રી મનીષ શાહ હતા. ડાયરેક્ટર ચંદ્રેશભાઈ ભુતાએ તેમનું સ્વાગત કર્યું હતું મશાલ પ્રગટાવીને રમતોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 મીટર દોડ, સંગીત ખુરશી, દોરડા કુદ, લાંબી કુદ, ગોળા ફેક અને ચક્રફેકની રમતો રમાડવામાં આવી હતી.

દાહોદ પોલીસે શહેર તથા તાલુકામાં એકસાથે મોટો સપાટો

રૂ. 41.24 લાખનો વિદેશી દારૂ-બિયર જથ્થો ઝડપી, બે ટ્રક રૂ. 69.24 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

દાહોદ જિલ્લામાં પ્રોહિબિશન અમલમાં વધુ કડકાઈ લાવતા દાહોદ પોલીસે એક જ રાત્રી દરમિયાન શહેર તથા તાલુકાના બે જુદા જુદા સ્થળે સફળ કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીમાં કુલ રૂ. ૪૧.૨૪ લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો ઝડપી લેવાયો છે. સાથે બે ટ્રકો, મકાઈનો જથ્થો તથા બે મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૬૯.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, દાહોદ શહેર પોલીસને પ્રોહિબિશન બાબતે બાતમી મળતાં ગરબાડા ચોકડી ખાતે ગઈકાલે રાત્રે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન બાતમી મુજબની આર.જે.17 જીબી ૦૯૭૦ નંબરની આઈસર ટ્રક આવતા પોલીસ દ્વારા રોકી તપાસ કરવામાં આવી. ટ્રકમાં મકાઈના થેલાઓ સંતાડેલ વિદેશી દારૂ તથા બિયરની પેટીઓ મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી.

તપાસ દરમ્યાન ટ્રકમાંથી રૂ. ૧૯,૫૪,૪૮૮/-ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો, જેમાં પેટીઓ નંગ-172 તથા નાની-મોટી બોટલ નંગ-5640 સામેલ હતી. આ બાબતે ટ્રક ડ્રાઈવર મધ્યપ્રદેશના અલીરાજપુરના રાજાવતના બજાર ફળિયાના કાલુસિંહ ચૌહાણ તથા તેની સાથે બેઠેલ કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળકિશોરની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ દરમ્યાન દારૂ મધ્યપ્રદેશના અગોની ગામેથી ભરી ગોધરા તરફ લવાતો હોવાનું બહાર આવ્યું હતું.

આ ઉપરાંત, તે જ રાત્રે દાહોદ એલસીબી પોલીસે ખંગેલા ચેકપોસ્ટ પર વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતી બંધ બોડીની એક ટ્રકને રોકી તપાસ કરતાં તેમાં રૂ. 21,69,594/- ની કિંમતનો વિદેશી દારૂ તથા બિયરની પેટીઓ નંગ-271 અને બોટલ નંગ-7188 મળી આવી હતી.

પેથાપુર હાઈસ્કૂલના શિક્ષકને ઉત્કૃષ્ટ કામગીરી બદલ શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા પ્રતિનિધિ અને સંયોજક તરીકે ડૉ. જયંત પરમારનું રાજ્ય સરકાર અને નોલેજ વેલી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે શ્રેષ્ઠ શિક્ષક તરીકે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, નવીનતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'ભવ્ય સારસ્વત સન્માન કાર્યક્રમમાં શિલ્ડ,મેડલ અને પ્રશસ્તિ પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને રાષ્ટ્રીય પાઠ્યક્રમ માળખાના અસરકારક અમલીકરણ તેમજ "લર્નિંગ વિથ જોય" (આનંદદાયી શિક્ષણ) ના મૂલ્યોને ચરિતાર્થ કરવા બદલ રાજ્યના 15000 થી વધુ પ્રતિભાશાળી અને પથદર્શક શિક્ષકોના સન્માનના આ પ્રથમ તબક્કામાં કુલ 2525 શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

પાદરામાં ગાયત્રી શક્તિપીઠ ખાતે શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથાનો ચોથો દિવસ ભાવભેર ઉજવાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.12

પાદરામાં ગાયત્રી શક્તિપીઠ દ્વારા છેલ્લા પાંચ દિવસથી શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના ચોથા દિવસે વ્યાસગાદી પરથી શ્રદ્ધેય મીનાક્ષીબેન કાબરીયાએ ઉપસ્થિત શ્રોતાઓને પ્રજ્ઞા પુરાણ કથાનું ભાવસભર રસપાન કરાવ્યું હતું.

દરરોજની જેમ ચોથા દિવસે પણ ગાયત્રી પરિવારના સભ્યો, સમાજના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી પૂજા-અર્ચના અને આરતીનો લાભ લીધો હતો. ચોથા દિવસે શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથામાં વિશેષરૂપે દેવ સંસ્કૃતિ અને યુવા જાગૃતિ વિષયક પ્રેરણાદાયક કથાનું વિવરણ કરવામાં આવ્યું હતું, જેને શ્રોતાઓએ અત્યંત ભાવભેર સાંભળ્યું હતું.

કથા સમાપન બાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાદરાના પૂર્વ ધારાસભ્ય તથા બરોડા ડેરીના ચેરમેન દિનુમામા, પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશપાલસિંહ પઢિયાર, જિલ્લા પંચાયત સદસ્ય અર્જુનસિંહ પઢિયાર, એપીએમસી પ્રમુખ પ્રવિણસિંહ સિંધા, મુકેશ પટેલ (ડેરીવાળા), અલ્પેશ પટેલ, તાલુકા પંચાયત સભ્ય સુરેશ પટેલ, ગીરવતસિંહ રાજ, અભેસિંહ પરમાર, ડો. શકુભાઈ પટેલ તેમજ રંગ પરિવારના ઉપેન્દ્રભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ સીટી ગ્રાઉન્ડ ઉપર સમસ્ત સિંધી સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન

દાહોદ, દાહોદ શહેરના સીટી ગ્રાઉન્ડ ખાતે સિંધુ યુવા યુવા શક્તિ સંગઠન અનેસમસ્ત સિંધી સમાજદ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧૧ ટીમોએ ભાગ લીધો હતો તેમાં ધ્યાનાકર્ષક બાબત એ હતી કે બધી જ ટીમો ના નામ સ્વાતંત્ર સેનાની શહિત દેશના મહાનુભવોના નામે રાખવામાં આવ્યા હતા.પાછલા દિવસોથી રમાતી ક્રિકેટ ટુર્નામેન્ટે સમાજસહિત શહેરમાં આકર્ષણ જન્માવ્યું હતું. ટુર્નામેન્ટના આખરી દિવસ ક્રિટ એટલે ફાઈનલ મેચ સરદાર પટેલ ટીમ અને ચંદ્રગુપ્ત મૌર્ય ટીમ વચ્ચે યોજાઈ હતી તેમાં સરદાર પટેલ ટીમ વિજેતા થઈ હતી.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

અરજદાર :- પાઠક દિપકકુમાર જયંતિભાઈ રહે.ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ

વિરૂધ્ધ

સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ

કેસ.નં.૪૭૩/૨૦૨૫ તા.૦૧/૦૧/૨૦૨૬

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પાઠક દિપકકુમાર જયંતિભાઈનાઓનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૮ના રોજ ગામ.ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદારના માતા-પિતા દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગરબાડા,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાયેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા